**23મી ભારત અને ચીનના વિશેષ પ્રતિનિધિઓની બેઠક**

18 ડિસેમ્બર, 2024

18 ડિસેમ્બર, 2024 ના રોજ ભારત અને ચીનના વિશેષ પ્રતિનિધિઓ (SR)ની 23મી બેઠક બેઇજિંગમાં યોજાઇ હતી, જેમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજીત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી તથા ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી (CPC) ની કેન્દ્રિય સમિતિના રાજકીય બ્યુરોના સભ્ય શ્રી વાંગ યીએ ભાગ લીધો હતો.

2. સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહના વ્યવસ્થાપન પર દેખરેખ રાખવા, તેમજ સીમા અંગેના પ્રશ્નો પર ન્યાયસંગત, વાજબી અને પરસ્પર સ્વીકાર્ય ઉકેલ શોધવા માટે પ્રધાનમંત્રી મોદી અને રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે તાજેતરમાં કઝાનમાં થયેલ બેઠક દરમિયાન લેવામાં આવેલ નિર્ણય અનુસાર SR મળ્યા હતા.

3. SR એ સીમા વિવાદના સમાધાન માટે ન્યાયસંગત, વાજબી અને પરસ્પર સ્વીકાર્ય ઉકેલ શોધવા માટે સંપૂર્ણ દ્વિપક્ષીય સંબંધોના એકંદર રાજકીય પરિપેક્ષ્યને જાળવી રાખવાના મહત્વનો પુનરોચ્ચાર કર્યો. તેમણે આ પ્રક્રિયાને વધારે મહત્વ આપવાનો સંકલ્પ કર્યો છે.

4. 2020 માં ભારત-ચીન સરહદી વિસ્તારોના પશ્ચિમ ક્ષેત્રમાં સર્જાયેલા તણાવ બાદ આ SR ની પહેલી બેઠક હતી. SR એ ઓક્ટોબર 2024 ના તાજેતરના નવીનતમ વિઘટન કરારના અમલીકરણને હકારાત્મક સમર્થન આપ્યું છે, જેના પરિણામ સ્વરૂપે સંબંધિત વિસ્તારોમાં પેટ્રોલિંગ અને પશુઓને ચરાવવાની મંજૂરી મળી છે.

5. બંને SR એ ભારત-ચીન દ્વિપક્ષીય સંબંધોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહને જાળવી રાખવાના મહત્વ પર ભાર મૂક્યો છે. તેમણે જમીન પર શાંતિપૂર્ણ પરિસ્થિતિઓને સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો, જેથી સરહદ પરના મુદ્દાઓ દ્વિપક્ષીય સંબંધોના સામાન્ય વિકાસમાં અવરોધ ન બને. 2020 ની ઘટનાઓમાંથી શીખ લેતાં, તેમણે સરહદ પર શાંતિ અને સુલેહ જાળવી રાખવા અને અસરકારક સરહદ વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા માટે વિવિધ ઉપાયો પર ચર્ચા કરી. તેમણે આ હેતુ માટે સંબંધિત રાજદ્વારી અને સૈન્ય તંત્રોનો ઉપયોગ, સંકલન અને માર્ગદર્શન કરવાનો નિર્ણય લીધો.

6. SR એ પરસ્પર હિતના દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર મંતવ્યોનું આદાનપ્રદાન કર્યું. તેમણે કૈલાશ માનસરોવર યાત્રા ફરીથી શરૂ કરવા, સીમા પાર નદીઓ અને સીમા પાર વેપાર પર ડેટા

શેરિંગ સહિત સીમા પાર સહયોગ અને આદાન-પ્રદાન માટે સકારાત્મક દિશા-નિર્દેશ આપ્યા. તેમણે પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ માટે, સ્થિર, અનુમાનિત અને સૌહાર્દપૂર્ણ ભારત-ચીન સંબંધોના મહત્વ પર સંમતિ વ્યક્ત કરી.

7. NSA એ ચીનના ઉપરાષ્ટ્રપતિ મહામહિમ શ્રી હાન ઝેંગ સાથે મુલાકાત કરી.

8. NSA એ શ્રી વાંગ યીને આગામી SR બેઠક માટે પરસ્પર અનુકૂળ તારીખે ભારતની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.

**નવી દિલ્હી**

**18 ડિસેમ્બર, 2024**